DN: email=mail@realpatidar.com
Date: 2017.01.20 15:33:12 +05'30'

# Series 12 – Ek Sanatani Ni Man Ni Vyatha / એક સનાતનીની મનની વ્યથા

realpatidar.com

*Ek Sanatani Ni Man Ni Vyatha*
Update: 13-Jan-2017 – Changed links to archive.org

22-May-2010

This email is drafted in only in Gujarati language, because the contents of the attachment are in Gujarati and it was not possible for me to translate them into English.

સમાજના ભાઈયો તથા બહેનો,

હમણાં થોડા દિવસ પહેલાં મારા હાથ એક પેમ્પલેટ આવ્યું, જે આપડા સમાજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ લખેલ છે. એ વ્યક્તિને કોર્ટના અને પોલીસના ખોટા કેસ થી થોડા દુર રાખવાના મારા પ્રયત્નમાં, એ વ્યક્તિની ઓળખ ન ખબર પડે એ માટે એમનું નામ અને ઓળખ પેમ્પલેટમાંથી કાઢી નાખેલ છે.

અમુક લોકો કહે છે કે આપડે સાચા હોઈ તો આપડે કોનો ડર. એમની વાત સાચી છે. કોઈ કોનાથી ડરતું નથી. પણ પોતાનો બચાવ કરવો બહુ જરૂરી છે. આપણે ભલે ખબર હોય કે આપડે સછા છીએ અને કોઈ પણ સંજોગોમાં અપ્પડે જ વિજય થઈને બાહર આવશું, તોય પણ, તે માટે ખોટા ત્રાસ ને આમંત્રણ આપવું એ મૂર્ખાઈ છે, બહાદુરી નહીં.

આપડે જયારે બઝારમાં નીકળ્યા હોઈ અને સિંગણા સમા કરીને દોડતો આવતા જંગલી ભેસો દેખાય તો શું કરીએ. ત્યારે જો અપડે એમ વિચારીએ કે આપડે તો શાકાહારી છીએ, અને અપડે તો ભેસાને કોઈ તકલીફ આપી નથી, એટલે અપડે સાચા છીએ તો આપડે કોનો ડર, અને ભેસા સામે જઈએ તો એ આપડી મુર્ખાતાજ કહેવાય. કારણકે જંગલી ભેસો ક્યારેય એ નથી જોતો કે સામે ઊભા લોકોમાંથી

realpatidar.com

કોણ શાકાહારી છે અને કોણ માંસાહારી છે. એ સમય પોતાનો બચાવ કરવોજ સમજદારી અને બહાદુરી છે. આજ કારણ સર હું પણ મારી ઓળખ બાહર પડતો નથી.

realpatidar.com

આગળ વધીએ અને પેમ્પલેટની વાત કરીએ. પેમ્પલેટમા એ ભાઈએ ખુબ ઊંડી વાતો લખી છે. સમાજના સળગતા પ્રશનોની વાત કરી છે. ટૂંકમાં કહીએ તો તેમાં એક સનાતની ભાઈની મનની વ્યથા દર્શાવેલ છે. પેમ્પલેટમા નીચે મુજબ ની સરસ અને સમાજના દરેક વ્યક્તિ માટે સમજવા જેવી વાતો લખી છે;

૧. સમાજની હાલની સ્થિતિ.
૨. સમાજ અને ધર્મ ને અલગ કરીને ના જોઈ શકાય.
૩. સતપંથના હિતમાં થતી ખોટી તથા મિથ્યા જનક વાતો.
૪. ઉંજા વાળાઓની ટકોર.
૫. હિંદુ શાસ્ત્ર અને સતપંથ શાસ્ત્ર.
૬. આજના સળગતા સવાલોમાંથી ઉદભવતા અમુક સવાલો.

જુવો જોડેલી (attached) ફાઈલ અથવા આ લીંક: ~~http://issuu.com/patidar/docs/series_12_-ek_sanatani_ni_man_ni_vyatha_-d~~
https://archive.org/details/Series12-EkSanataniNiManNiVyatha

મારી તમુ સહુને ખાસ અરજ છે કે પહેલી નજરમાં, પેમ્પલેટ જોઈને, કદાચ કંટાળા જેવું લાગેશે, પણ વાંચશો તો સમજવા જેવી ઘણી બધી વાતો છે. ખુલ્લા માંથી શાંતિથી વાંચશો એજ વિનંતી.
સનાતન ધર્મની જય.

સાચો પાટીદાર / Real Patidar

realpatidar.com

# એક સનાતની ભાઈની મનની વ્યથા

realpatidar.com mail@realpatidar.com

[redacted] પરમ ચૈતન્યની નિષ્ઠામાં

તા.૩૧-૦૩-૨૦૧૦

આદરણીય જ્ઞાતિજનોને સ્નેહવંદન

સમાજની હાલની સ્થિતિ →

લખવા જઇ રહ્યો છું તે વિષય અઘરો અને આળો પણ છે. હાલની સમસ્યા અને સમગ્ર વ્યવસ્થાને બે પેજમાં જ વણવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. એક એક વાક્યમાં કંઇક હશે જ તેથી આપ વારંવાર વાંચી સમજી ખુલ્લા મને ચિંતન કરશો. દબાણ વગર સ્વમૂલ્યાંકન કરશો પછી જ જાતે નિર્ણય લેશો. હૃદયને ઢંઢોળજો તાર્કિકતાને જોડજો અને વંચાવજો. કેટલીક પરિસ્થિતિમાં માત્ર લાગણી કે ભાવનાથી વિચારવા કરતાં બુધ્ધિથી સમજ કેળવવી અનિવાર્ય હોય છે. તેથી આપ સૌને પ્રાર્થના સાથે અરજ પણ છે.

સમાજ અને ધર્મ ને અલગ કરીને ના જોઈ શકાય →

ધાર્મિકતાના વ્યક્તિગત અર્થ અને વાતોમાં આપણો સમાજ પસાર થઇ રહેલ છે. ધર્મએ આસ્થા શ્રધ્ધાની વાત છે એવું કહી પલાયન બની આદર્શની વાતો કરતા હોઇએ છીએ. સારી વાત છે વ્યકિત સ્વાતંત્ર પર કે ધર્મ પાળવા માટે દબાણ નાં હોવું જોઇએ ભારત દેશની રીતે આ આદર્શ હોવો જોઇએ. સમાજમાં કોઇ પણ કાર્ય કે સભા કરો તો પ્રાર્થના કે શ્લોકથી જ શરૂઆત થવાની. જો સમાજમાં જુદા ધર્મો -પંથો હશે તો અમારા સંત તમારા સંત, અમારા શ્લોક તમારા શ્લોક, અમારી પ્રાર્થના તમારી પ્રાર્થના આવી કેટલીય બાબતો-વાંધાઓ વચ્ચે આવવાના જ તેને રોકી નહી શકાય. અમારા ધર્મગુરૂ બોલાવો, અમારી પ્રાર્થના કરો ફલાણાની નહી આ બધું ઊભું થવાનું જ અને થયું પણ છે. તેથી સમાજમાં ધર્મને દૂર રાખવો તે મીથ્યા આદર્શની વાત છે. કદાચ ધર્મથી સમાજ અલગ હોઇ શકે પરંતું જ્ઞાતી કે સમાજને કદી ધર્મથી અલગ ના કરી શકાય. અરે રાષ્ટ્ર અને રાજકરણમાં પણ આવી જાય છે. લગ્નો કરો, પ્રસંગો કરો ધાર્મિક કાર્યો હાથમાં લો દરેક જગ્યાએ સમાજ-જ્ઞાતિમાં ધર્મ વચ્ચે આવવાનો જ.

આપણી કેન્દ્રીય સમાજને ધર્મથી વિમુખ કરીને કે તેવી સમજથી ખુબજ મોટું નુકશાન થયું છે. કયા સંતને બોલાવવા કે કયા પંથ કે ધર્મની વાતો કરવી, વળી પ્રશ્નો ઊભા થશે વગેરે...ને લીધે આપણે સારી રીતે જયઘોષ પણ બોલાવી શકતા નથી કે સમાજમાં ધાર્મિક કાર્યક્રમો યોગ્ય રીતે કરી શકાતા નથી જેનું પરિણામ આપણને ભોગવવું પડી રહ્યું છે. કારણ કે હાલમાં યુવા વર્ગમાં જોઇએ તેટલી ધાર્મિકતા બાબતે કે પોતાના ઇષ્ટ માટે ભાવ કે લાગણી નથી અને જ્ઞાતીજન ધીરે ધીરે વાડામાં ફંટાઇ રહ્યો છે. આ બધું જ દુર કરવું હશે તો સમાજમાં એક જ ધાર્મિકતા આચાર વિચાર ઊભા કરવા જ પડશે. અન્યથા વાડાઓ પંથો ઊભા કરી બધું જ તે બાજુ વળી જશે. કેન્દ્રીય સમાજ માટે દાન ભાવ કે લાગણી જોડાયેલ રહેશે જ નહી. તેથી ખાસ નોંધ લઇ યોગ્ય ધાર્મિકતા સમાજમાં ઊભી કરવી જ પડશે, નહિતર જ્યાં ગુરૂગાદી હશે ત્યાં પોતીકું બાકીનું સહિયારૂ જેવો ઘાટ થશે. જે કેન્દ્રીય સમાજમાં આપણે જોઇ રહ્યા છીએ કેટલું દાન કે ભાવ કેન્દ્રીય સમાજ સાથે જોડાયેલ છે તે જાતને પૂછ જો.

સતપંથ ધર્મ માટે દલીલો થાય છે કે અમે સનાતનનાં કાર્યો જેવાં કે દવાખાંનાઓ, સંસ્કારી સ્કુલો, મંદિરો, સારી પ્રાર્થના, શિક્ષાપત્રીઓ, શિબિરો, સાધુ સભા, ધર્મ સભાઓ, દેશ માટેની પ્રવૃત્તિઓ વગેરે કરીયે છીયે... આવું તો ખ્રિસ્તીઓ, મુસ્લીમો જેવા ઘણા સંપ્રદાયો ધર્મલક્ષી પરમાર્થનાં કાર્યો કરે જ છે. તેથી તેને હિન્દુત્વ કહેવું કે હિન્દુ વ્યાખ્યા કરવી તે શું બાલીસતા નથી કે ઢાંક પીછોડો કરવા જેવું નથી લાગતું ? અહીં શ્રધ્ધા આસ્થાની ફક્ત વાત નથી આતો આચાર વિચાર કે હિન્દુત્વ વિચારધારાનો સવાલ છે. આપણા સમાજે વર્ષો પહેલાં એક વાર તો આસ્થા બદલી જ છે ને ? શ્રધ્ધા કે આસ્થા જન્મથી નથી હોતી તેને જેની સાથે જોડવી હોય તેની સાથે જોડાઇ શકે. **(જરા ઊભા રહો ! ફરીફરી વાંચજો થોડું જટીલ અઘરું લખાણ છે)**

સતપંથના હિતમાં થતી ખોટી તથા મિથ્યા જનક વાતો

આદર્શો અને ઉદારતા જેવી ખોખલી વાતો કરી મૂળથી દૂર શા માટે ભાગીયે છીયે ? કોઇ ગમે તે ધર્મ પાળે જેની શ્રધ્ધા જ્યાં હોય ત્યાં નમે આપણે તો વિશાળતા રાખવી જોઇયે. વગેરે.... જેવી વાતો કરીયે છીયે... તો પછી આપનું જ સંતાન કોઇ વિધર્મીને પરણે તો.. ? અરે ઘરની મરજી વિરૂધ્ધ પોતાની જ્ઞાતિમાં જ પરણે તો પણ આકાશ પાતાળ એક કરી ધમપછાડા કરી નાખીયે છીયે, ક્યાં ગઇ વિશાળતા ? ક્યાં ગઇ કહેવાતી ઉદારતા ? જો બધુંજ ઉપર (ઇશ્વર) એક હોય, કોઇ ગમે તે ધર્મ પાળે આવા આદર્શ સાથે રહેવું હોયતો નામ ઓળખ ભૂંસી ફક્ત મનુષ્ય બની જાઓ તો તમને કોઇ આંગળી ચીંધશે જ નહિં. જો તમારી ઓળખ કોઇ નામથી, કોઇ જ્ઞાતિથી, સમાજ કે હિન્દુ તરીકે કરશો તો તેની વિચારધારામાં રહેવું જ પડશે દુનિયાના કોઇપણ છેડે ધર્મની ઓળખ વગર માનવ જીવન શક્ય જ નથી. નહિંતર તેની સામે આંગળી ચીધાવાની જ કેટલાને રોકશો ?

તો પછી સુધારા કરવાની ક્યાં જરૂર હતી ? શા માટે પૂર્વજોએ સમાજ માટે ભેખ ધર્યો ? આ બાબતને વ્યક્તિગત વાત સાથે જોડીને કે પોતાનું ઘર સુધારો પછી બીજાની વાત કરો તેમ કહી કોઇની સમર્પિતતા સામે શું ઘા કરવો યોગ્ય છે ? તો ગાંધીજી કે સરદાર પટેલને આવી સલાહ આપવી જોઇયે અરે હિન્દુત્વ માટે દરદર ભટકનારા છત્રપતિ શીવાજી, મહારાણા પ્રતાપ, રાણી લક્ષ્મીબાઇ જેવાનું શું ? સમાજ કે દેશને ઉગારવાનો ભાવ અને લાગણી ઉપરાંત રાષ્ટ્ર-સમાજ માટે દર્દ કે વેદના તેમને હતી તેથી તો આ સમાજ વ્યવસ્થા ટકતી હોય છે. કેસરા પરમેશ્વરા સાથી કહેવાયા ? નારાયણબાપા આદ્યસુધારક કેમ કહેવાયા ? આતો ગાંઠને પૈસે સમાજ દેશ માટે મરી ફીટનારા વ્યક્તિત્વો હતાં પોતાના માટે તો દરકાર જ નહોતી. સ્કુલો-કોલેજો, હોસ્પીટલો, હોસ્ટેલો માટે ઘરોઘર જઇ ભીખ માંગનારાને, કે જીંદગીને ગીરવે મૂકનારાને શું સ્વાર્થી તકવાદી કહીશું ? શા માટે સમાજ-દેશ માટે લોકો ફના થાય છે ? આવી મહાનતાને ભૂલી જવી શું સંસ્કારીકતા છે ? આ શું ઘોર પાપ નથી ? આને શું ધર્મ કહેવાય ?

મીથ્યા ગૌરવમાં રાચી વાતો ફેલાવાય કે સતપંથમાં પૈસાદાર, સંસ્કારીકતા કે કુંટુંબ ભાવ છે. આતો ગેરમાર્ગે દોરવાની વાતો છે કુવામાંથી બહાર આવો તો ખબર પડે કે હકીકત શું છે, અહી નામો ગણાવું તો પાનાં ભરાઇ જશે આતો છાનીછૂપી ખોટી અંધશ્રધ્ધા ઊભી કરાય છે. આવી ગૌરવતા હોય તો મા ઉમા ઊંઝાના વડા સાથેની ચર્ચાથી દૂર ભાગી શા માટે બહાનાં શોધીયે કે હવે વાત ઘરમાં રહી નથી. વગેરે... સમાજનું પ્રાંગણ કે જેને સમાજનું મંદિર કહેવાય ત્યાં પોલીસ કાર્યવાહી કરવી, આને શું સંસ્કાર કહેવાય ? તેથી શું ધર્મ બચી જશે ? તેથી વાત ઘરમાં કેટલી રહી ? પ્રેસ કોન્ફરન્સ કરવી આ બધું દુનિયાને કોણે જણાવ્યું ? ભૂતકાળમાં આવાં જ ધાધિયાં, કેસો, વાતો છાપે ચડી છે ઇતિહાસ ચકાસજો ! કોના થકી ?

realpatidar.com

1

realpatidar.com mail@realpatidar.com

આતો છેલ્લા બસ્સો વર્ષથી ચાલતી સુધારાની પ્રકીયા છે કેટલાના મોઢે તાળા મારીશું હકીકતને શા માટે ઢાંકીયે છીયે. આવી સુધારાવાદી પ્રવૃતિ કરનાર સામે કેસ કરવાના સંસ્કાર આ ધર્મ શિખવાડે છે ? આ બાબતે સતપંથ સભ્યોએ કેન્દ્રીય સમાજને ૫૦ વર્ષમાં એક પણ ફરીયાદ નથી કરી, ૧૮ કે ૧૯મી કલમની પણ દરકાર નથી લીધી આ શું સમાજ ભાવ કે આદર છે ? કેટલાક અમારામાંના આવું કરે છે તેમ કહી છટકી જવું કે બહાનાં ઊભાં કરવાં તેમાં મેલી મુરાદ જ દેખાઇ આવે છે. વાતો તો સંસ્કારની કરીયે છીયે. આ રીતે ધર્મ સચવાશે ? આદેશ છતાં, શું કેસ પાછા ખેંચાયા ? આ જ બતાવે છે ભાવ ક્યાં છે કેન્દ્રીય સમાજમાં કે સતપંથમાં ? નિષ્ઠા પૂર્વક છાતી પર હાથ મૂકી જાત સાથે સવાલ કરજો. આવી કેટલીયે સભા થઇ બાંધછોડ ..., સામા છેડાની ધીરજને પણ ધન્યવાદ નથી ? તો સંસ્કારીકતા કોની ઊંચી ? ખાનદાની સંસ્કારીકતા અને સમાજનો આદર સનાતને કર્યો, તેને નિર્બળતા ગણી, હવે કદાચ બધા જ જેવા સાથે તેવા વર્તે તો પરિણામ કેવું વિકરાળ બનશે ? વિચારજો !

સતપંથના ભાઇઓએ માં ઉમા ઊંઝાના વડા સાથેની સભામાં પણ સ્વીકાર્યું કે ભૂતકાળમાં બધુંય હતું ! તમે સાચા છો. હજીયે ખોટું હોય તો કહો આજે સુધારો કરવા તૈયાર છીયે, બહુ જ સારી વાત પરંતું જરા તો વિચારો ! સુધારા શા માટે ? ક્યાં સુધી ? કેટલા ? શા માટે સુધરવું પડ્યું ? તેથી શું મૂળ બદલાઇ જશે ? સતપંથમાં એક જ પીરની બંદગી હોવા છતાં નવી અને જૂની ચોપડીનો ભેદ શા માટે ? દેશનું મિડીયા હિન્દુ તરીકે નહીં કોમી એખલાસ તરીકે આજે પણ નોંધ લે છે. જેમાં નમાજ પઢવાથી માંડીને ઉપર રૂમાલ પહેર્યું હોય, ૭૮૬-૯૨ ઉર્દૂમાં લીલી ચાદર આપણે ઓઢાડતા હોઇયે તેવા સમાચારો આજે પણ બતાવાય છે. સફેદ ઝભ્ભામાંનો કાળો દાગ દરેકનું ધ્યાન ખેચશે જ, બધા જ વારંવાર કહેશે ભાઇ બદલી નાંખોને ! ટકોર પણ કરશે જ ઊંઝાના વડાઓએ પણ કરી. વર્ષો પૂર્વે વડવા કે પૂર્વજો હતા આજે ટકોર કરનારા તેના જ રૂપે બીજા છે પણ વાત તો એની એજ છે કે ભાઇ આવી જાઓને, સમજોને, આનાથી મોટી ઉદારતા કઇ હોઇ શકે કેટલુંયે જતું કર્યું ? વિશ્વ હિન્દુ પરિષદ, RRS, શંકરાચાર્યો કે આચાર્યો કઇ નજરે જૂએ છે તે તો બધાએ સમજવું જોઇયે, તેનો જ્ઞાતિમાં પ્રચાર કરી શું સાબિત કરીશું ?

ઊંજા વાળાઓની ટકોર

ઉમિયા માતાજી ઊંઝાના વડાઓએ પણ ગંભીર ધ્યાન દોરેલ સતપંથ હિન્દુ ધર્મ નથી તેના પૂરાવા પણ સાથે લાવેલ. તેઓએ સ્પષ્ટ જણાવેલ કે તમે બાહ્ય કે આંતરીક ગમે તેટલા સુધારા ફેરફારો કે મંત્ર પૂજાવિધી બદલો તેથી કાંઇ મૂળ બદલાઇ જતું નથી હવે તો પાછા વળો. સતપંથ સ્થાપક, આચરણો, મૂળ પાયો(બેઝ)ક્યારેય નહીં બદલે, આજે પણ હિંન્દુત્વ કે આરાધ્ય સાથે ક્યાંય મેળ ખાય તેમ નથી. પીરાણામાં પગ મૂકતાં જ અંદાજ આવી જાય કે આ કોનું સ્થાનક હશે. આ બધું સામાન્ય માણસ પણ સમજી શકે. તમારા સમાજે સુધરવા ખૂબ જ લાબો સમય આપ્યો હવે તો કાંઇ સમજો. ઘરડાં મા બાપને નામે સંસ્કારીકતા બતાવી બહાનાં કે આડંબર જોડવાની જરૂર નથી પોતાના સંતાનની લાગણી દરેક ઘરડાં સમજે જ. કોઇ વ્યક્તિગત સ્વાર્થ ખાતર સમાજને ખોટે રવાડે ના ચડાવો, આ બધી જ ગંભીર ટકોર ઊંઝાના વડાની સમજાય, તો આ કંઇ નાની વાત તો નથી જ.

આ બધાંથી દશ બાર મહિના પહેલાં સાવ અજાણ નરોડા અમદાવાદમાં અને મારાં ગામમાં કોઇ વિવાદ નહિં, પરંતું [redacted] ફરજ પડી, આદત મુજબ ખૂબ જ ઊંડો ઉતર્યો અભ્યાસ હાથ ધર્યો. પુસ્તકો ફંફોસ્યાં, વૈશ્વીક વર્તમાન માધ્યમો, વેબસાઇટ વગેરેને બુધ્ધિ પ્રમાણે ચકાસ્યાં હજી પણ ચાલુ જ છે એટલે જ આપને પણ વિનંતી કરૂ છું કે અભ્યાસે લાગજો, તો સમજાશે કે ક્યાંક ભૂલ થઇ રહી છે. સતપંથ સ્થાપક દ્વારા રચાયેલાં પુસ્તકોને શાસ્ત્રો કહેવું તે પણ અપમાન છે. તેમાં ડોકીયું તો કરો.. તેમનું કોઇપણ પુસ્તક હાથમાં લો તેમાં છેડછાડ કરી, મારી મચડીને અધમતા કરી આપણને ધાર્મિક રીતે ગુમરાહ કર્યા.

હિંદુ શાસ્ત્ર અને સતપંથ શાસ્ત્ર

તે હકીકતની આજે પણ ઉપેક્ષા થાય છે આપ જેવા પ્રબુધ્ધ જ્ઞાનીને પણ શું વ્યથા નથી થતી ? જો આપનામાં હિન્દુત્વનું નાનુ સરખું પણ તત્વ હશે તો જાત સાથે રડશો, શું આટલું બધું ઘોર અપમાન આપણાં શાસ્ત્રોનું ? વિવેક પણ જળવાયો નથી કોઇ અર્થ પણ સરતા નથી, દેવ દાનવોની વાતો ગમે તેના સાથે જોડી, એક યુગને બીજા યુગમાં ગોઠવી ભેળવી હિન્દું શાસ્ત્રો સાથે ક્યાંય મેળ ખાતો નથી. જેમાં દશોંદ વિશોંદની વાતને મહત્વ આપી સ્વર્ગ સાથે જોડી કાલ્પનિક બાબતો ઊભી કરી ખોટી શ્રધ્ધા ઊભી કરાઇ. છતાં પણ શ્રધ્ધા અકબંધ હોય તો નવાઇ કહેવાય તેથી સાબિત થાય કે કંઇક તો વ્યક્તિગત સ્વાર્થ કામ કરે છે.

વળી આ બધું લગભગ કાવ્યમાં ગાયકી રૂપે હોવાથી આપણે ભૂતકાળમાં વારે તહેવારે ગાતા આવ્યા છીયે જેથી નસેનસમાં શ્રધ્ધા આસ્થા વ્યાપી ગઇ હોઇ, કોઇ સાંભળવા જ તૈયાર નથી. આજે પણ ઉંડા ઉતરનાર કે ચિંતન કે ડોકીયું કરનાર કોઇ જ નથી મેં પણ નહોતું કર્યુંને. ઘણી બાબતોને ટૂંકમાં સાંકળવાનો પ્રયાસ કર્યો છે વેદના લખી છે ખોટો અર્થ નાં કરશો. આજે પણ કેટલાક પ્રશ્નો ઉદ્દભવે છે જેનું સમાધાન કોણ કરશે કઇ રીતે ?

ઉદભવતા અમુક સવાલો

૧. હિન્દુ ધર્મ આદિકાળથી અસ્તિત્વમાં છે તો હિન્દુ ધર્મ કે સંપ્રદાયના સ્થાપક કે ગુરૂ ક્યારેય મુસ્લીમ હોઇ શકે ?
૨. સ્થાપક કે ગુરૂ કોણ હતા કે અન્ય બાબતે કદાચ ઉંડા નાં ઉતરીયે પરંતું આજે પણ બંધાતા નિષ્કલંકી ધામ ક્યાંથી આવ્યાં તેનો હિન્દુ સાહિત્ય શાસ્ત્રોમાં કેટલો સબંધ ?
3. સતપંથને હિન્દું શબ્દકોષ સાથે ભેળવી સત એટલે સત્ય જેને પંથ સાથે જોડણી કરી ભરમાવનારો શબ્દ શોધાયો. પુસ્તકોમાં પણ આવીજ ઘટનાઓને ભેળવવામાં આવી છે. સતપંથ શબ્દની જોડણી હિન્દું સાહિત્ય શાસ્ત્રોમાં ક્યાં મેળ ખાય છે એક જ શબ્દ રૂપે મેળવી કે શોધી આપો ?
૪. પીરાણાં-કોટડા જેવાં ગામોમાં હાલમાં પણ સરકાર પાસેથી કબ્રસ્તાનની જમીન મંગાય છે તો હિન્દું સુધારાનું શું ?
૫. કોઇ ધર્મ કે મંદિરમાં રોજ લાખો રૂપિયા આવે તે શું સમગ્ર જ્ઞાતિની એકતાથી પણ વધુ કિંમતી છે? તેથી સમાજ છિન્નભિન્ન થાય તેની કોને પડી છે કે ચિંતા છે ? આ પૈસો આપણા ઉત્થાન માટે કેન્દ્રીય સમાજમાં વાળવાનું કેમ કોઇને સૂઝતું નથી ?

[redacted] નિષ્ઠા ભરી અરજ **ફરીથી વાંચશો !! સમજશો એ સમયની તાકીદ અને માંગ છે.**

realpatidar.com